# તહેવારોની માગને પગલે ટ્રક ભાડાં સ્થિર રહ્યાં

મુંબઈ, તા. ૧૨ ઑગસ્ટ

શ્રીરામ મોબિલિટી બુલેટિન મુજબ, જુલાઈ મહિનામાં વૈશ્વિક અનિશ્ચિતતા અને ચોમાસાની અસમાન ગતિ છતાં મુખ્ય ટ્રંક રૂટ પર ટ્રકના ભાડા સ્થિર રહ્યા છે. ગુજરાત, કેરળ અને હિમાલયના વિસ્તારોમાં પૂરના કારણે પરિવહનને અસર થઈ હતી, જ્યારે નબળા વરસાદને કારણે ખેતીવિષયક નૂર પરિવહન પ્રભાવિત થયું હતું. જોકે, ઇલેક્ટ્રિક વાહનો (ઈવી)ના વેચાણમાં વાર્ષિક ધોરણે જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. શ્રીરામ ફાઇનાન્સના જેએમડી અને સીઓઓ સુદર્શન હોલ્લાએ જણાવ્યું કે, મુખ્ય રૂટ પર ભાડા સ્થિર રહેવા એ ટ્રાન્સપોર્ટર્સ માટે સાનુકૂળ વાતાવરણ દર્શાવે છે. આગામી તહેવારોની સીઝન લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે માગ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સમગ્ર ઉદ્યોગ હવે આગામી તહેવારો દરમિયાન માલસામાનની માગ અને ટ્રક ભાડામાં વધારાની આશા રાખી રહ્યો છે.